# જાહેરનામું

## પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંકઃ ગ/ઉપક/ટ્રાફિક/૩૫/૨૦૨૪, તા.૨૭/૧૨/૨૦૨૪

હું, જી.એસ.મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં કાલુપુર રેલ્વે સ્ટેશન રી-ડેવલપમેન્ટ કરવાની કામગીરી હાલમાં ચાલુમાં છે. જેના ભાગરૂપે રેલ્વે સ્ટેશનના બહારના ભાગે આવેલ સારંગપુર બ્રીજને તોડી તે જગ્યા ઉપર નવો બ્રીજ બનાવવાની કામગીરી દરમિયાન ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ/ડાયવર્ઝન કરવા હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં સારંગપુર બ્રીજને તોડી તે જગ્યા ઉપર નવો બ્રીજ બનાવવાની કામગીરી દિનેશચંદ્ર આર.અગ્રવાલ કંપની દ્વારા કરવામાં આવનાર છે. આ કામગીરી દરમિયાન સારંગપુર બ્રીજના બન્ને છેડા વાહન વ્યવહાર માટે બંધ કરી નીચે મુજબની વિગતે વાહન વ્યવહાર માટે ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગની વિગત | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | આશરે ૨૦૦ મીટર જેટલી લંબાઇ વાળો સારંગપુર બ્રીજ બન્ને છેડાથી વાહન વ્યવહારની અવર-જવર માટે બંધ રહેશે. | **૧.** ગીતા મંદીર,ગાંધી રોડ,ખાડીયા તથા શહેર તરફથી આવતો ટ્રાફિક કાગડાપીઠ પોલીસ સ્ટેશન થઇ વાણિજ્ય ભવન થઇ અનુપમ/અંબિકા બ્રીજ થઇ એપરલ પાર્ક થઇ અનુપમ સિનેમા થઇ જરૂરીયાત મુજબ અલગ અલગ મુખ્ય માર્ગનો ઉપયોગ કરી શકાશે.<br>**૨.** ગીતા મંદીર તથા શહેર તરફથી આવતો ટ્રાફિક જે કાલુપુર સર્કલ જવા માટે સારંગપુર સર્કલ થઇ રેલ્વે સ્ટેશન સામેનો એક તરફનો માર્ગ ચાલુ છે તેનો ઉપયોગ કરી મોતી મહેલ હોટલ થઇ કાલુપુર સર્કલ તથા અન્ય અલગ અલગ માર્ગો તરફ જઇ શકાશે.<br>**૩.** રખિયાલ ઓઢવ તરફથી સારંગપુર બ્રીજ તરફ આવતો ટ્રાફિક રખિયાલ ચાર રસ્તાથી ન્યુ કોટન ચાર રસ્તા થઇ અનુપમ સિનેમા થઇ અનુપમ/અંબિકા બ્રીજ થઇ કાંકરીયા ગીતામંદીર થઇ શહેર તરફના અલગ અલગ મુખ્ય માર્ગો તરફ જઇ શકશે.<br>**૪.** રખિયાલ ઓઢવ તરફથી આવતો ટ્રાફિક કે જેઓને કાલુપુર સર્કલ કે કાલુપુર બ્રીજ તરફ જવા માટે કામદાર મેદાન ચાર રસ્તા થઇ ચારતોડા કબ્રસ્તાન થઇ સરસપુર ગુરુદ્વારા થઇ કાલુપુર બ્રીજ થઇ શહેરના અલગ અલગ મુખ્ય માર્ગો તરફ જઇ શકશે. |

## -: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૨/૧/૨૦૨૫ થી તા.૩૦/૬/૨૦૨૬ સુધી ૨૪.૦૦ કલાકના સમયગાળા સુધી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૭/૧૨/૨૦૨૪ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

તા.૨૭/૧૨/૨૦૨૪
અમદાવાદ શહેર

**( જી.એસ.મલિક )**
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઇમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં. ( E-mail : gogpress-vad@gujarat.gov.in )
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઇન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)

(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂં.